# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-09-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## GST કચ્છમાં આવકાર:

દેશમાં નવા GST દરો ગઈકાલથી અમલમાં આવ્યા છે. 12 ટકા અને 28 ટકાના ટેક્સ સ્લેબને હવે ફક્ત 5 ટકા અને 18 ટકાના સ્લેબ લાગુ કરાયા છે. લક્ઝરીઉત્પાદનો સિવાય તમામ માલ અને સેવાઓ આ બે સ્લેબ હેઠળ આવશે. સમગ્ર દેશ સાથે કચ્છમાં વિવિધ વર્ગો દ્વારા જીએસટીના નવા દરોને આવકાર મળી રહ્યો છે.

----------------------------------------------------------------------------------------------------

## આર્યુવેદ દિવસ-ભુજ:

આજે “આયુર્વેદ ફોર પીપલ એન્ડ પ્લેનેટ” થીમ પર ૧૦માં ‘આયુર્વેદ દિવસ’નીઉજવણી કરવામાં આવી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આયુષ મંત્રાલય દ્વારા આયુર્વેદના મહત્વ, સર્વાંગીસ્વાસ્થ્ય અને તેની સુસંગતતા વિશે જાગૃતિ લાવવા દર વર્ષે ૨૩ સપ્ટેમ્બરના રોજ‘રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ’ ઉજવવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રપટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યના આયુષપ્રભાગ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન રાજ્યભરમાં અંદાજે ૮ હજાર કરતાં વધુ આયુર્વેદિક કેમ્પ અનેસ્વાસ્થ્ય શિબિરોનું આયોજન કરવામાં આવશે.

જે અંતર્ગત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજ્ય તથા નિયામક આયુષની કચેરી ગાંધીનગર દ્વારા પ્રેરીત વૈધ્ય પંચકર્મના માર્ગદર્શન હેઠળ આજે ભુજ ખાત સરકારી આર્યુવેદ હોસ્પિટલ ખાતે સર્વરોગ આર્યુવેદિક નિદાન સારવાર સલાહ કેમ્પનું આયોજન કરાયુ છે. આ

સાથે શ્રેષ્ઠ રોગ પ્રતિકારક વર્ધક અમૃતપેય ઉકાળાનું વિતરણ કરાશે. જેનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

---

## સ્વચ્છોત્સવ કચ્છ:

મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિતે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેની જન આંદોલન ચાલી રહ્યુ છે. સ્વચ્છ ભારત મિશનની 11 વર્ષની ઉજવણીના ભાગ રૂપે “સ્વચ્છતા હીસેવા-૨૦૨૫” અંતર્ગત સ્વચ્છોત્સવ ચાલી રહ્યો છે. જેની ઉજવણીના ભાગરૂપે કચ્છભરના વિવિધ ગામોમાં સામુહિક અને વ્યક્તિગત શૌચાલયના ખાતમુહૂર્ત તથા લાભાર્થીઓને મંજુરી પત્રો આપવામાં આવ્યા હતા.

તો માંડવી,અંજાર, નખત્રાણા, ભુજ સહિતનાશહેરોમાં સામાન્ય સફાઈની કામગીરી તથા ગ્રામ્ય સ્તરે પણ વિવિધ સ્વચ્છતા અંગેની કામગીરી કરાઇ હતી.પદાધિકારીઓ, અગ્રણીઓ અને શહેરજનોએ સ્વચ્છતાના શપથ લીધા હતા.કચ્છના તમામ તાલુકાઓના વિવિધ ગામોના શહેરીજનોમાં જનજાગૃતિ આવે તે માટે સ્વચ્છતા રેલીનું આયોજન થઈ રહ્યુ છે.

ગાંધીધામ મહાનગર પાલિકા દ્વારા “વન વીક વન રોડ” સ્વચ્છતા ઝુબેશનીં શરૂઆત કરાઈ છે, જે અંતર્ગત  અધિકારીઓ દ્વારા સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ લોકોને સ્વચ્છતા જાળવવા અનુરોધ કરાયો હતો.

---

## નવરાત્રી પર્વ:

આસ્થા અને ઉત્સાહ સાથે રાજ્યભરમાં આદ્યશક્તિની આરાધનાનાં પાવન પર્વ નવરાત્રિનો ગઈકાલથી પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગઈકાલે અમદાવાદના GMDC મેદાનમાં વાઇબ્રન્ટ ગુજરાત નવરાત્રિ ઉત્સવનો પ્રારંભ કરાવ્યો.  સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી, બહુચરાજી, ચોટીલા સહિતના સહિતના ધાર્મિક સ્થળો પર ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે.

કચ્છની કુળદેવી આશાપુરામાતાજીના સ્થાનક માતાના મઢ ખાતે નવરાત્રિની ઉજવણીનો પ્રારંભ થયો છે. ગઈકાલે નવરાત્રિના પ્રથમ દિવસે 70 હજારથી વધુ ભાવિકોએ માતાજીના દર્શન કર્યા હતા. હજુ પણ માઈ ભક્તોનો પ્રવાહ અવિરત ચાલુ છે. ભક્તોની સુવિધા માટે જાગીર ટ્રસ્ટ દ્વારા વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે, તો પોલીસ અધિકારીઓ સહિત 500 થી વધુ પોલીસ જવાનોનું ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો છે.

---

## કચ્છમાં 3 ટીડીઓનીબદલી :

રાજ્યના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા 27 તાલુકા વિકાસ અધિકારીની બદલીના આદેશ કરાયા તેમાં કચ્છના ત્રણ ટીડીઓનો સમાવેશ થાય છે. ભુજના ટીડીઓ સંજય ઉપલાણીયાની પાટડી, અંજારના પાયલબેન ચૌધરીની વાંકાનેર, લખપતના લક્ષ્મીબેન ઠાકોરને સરસ્વતીના તાલુકા વિકાસ અધિકારી તરીકે બદલી કરાઈ છે. અંજારના ટીડીઓ તરીકે બોરસદથી ભાવેશકુમાર પટેલને નિયુક્તિ અપાઈ છે. વિરપુરના વિભુતીબેન સેવકનો મદદનીશ પ્રાયોજન અધિકારી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચેરીમાં મુકાયા છે.

---

## અકસ્માત:

કચ્છના સામખિયાળી નજીક મોડી રાત્રે રાધનપુરથી આવતી આઈશર ટ્રક અચાનક બેકાબુ બની ત્રણ ગુલાંટ મારી ગઈ હતી. આ અકસ્માતમાં ટ્રક ચાલક અને એક શ્રમજીવી વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે.

સામખિયાળી ટોલ પ્લાઝાની હાઈવે પેટ્રોલિંગ ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી ઘાયલને 108 એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ પહોંચાડ્યો હતો. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે લાકડીયા સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા છે અને વધુ તપાસ હાથ ધરી છે.

---

## હવામાન:

કચ્છમાંથી ચોમાસાંએ સત્તાવાર વિદાય લઈ લીધી છે. વરસાદે વિદાય લીધા બાદ ભાદરવી તાપનો પ્રભાવ પણ યથાવત રહ્યો છે. આખો દિવસ તાપ સાથે સવારના ભાગે ઝાકળવર્ષાની અનુભૂતિ થઈ રહી છે. દરમિયાન બંગાળની ખાડીમાં સર્જાનારી સિસ્ટમની અસર તળે નવરાત્રિના અંતિમ દિવસોમાં કેટલાક વિસ્તારમાં હળવો મધ્યમ વરસાદ વરસે તેવી સંભાવના હવામાન નિષ્ણાતો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. જો કે, કચ્છમાં વાતાવરણ મહંદશે સૂકું રહેવાની સંભાવના દેખાડી છે. છેલ્લા 24 કલાકમાં ભુજમાં મહત્તમ 33.4 સામે લઘુતમ પારો 23.8 ડિગ્રી નોંધાતાં વાતાવરણમાં વિષમતા અનુભવાઈ હતી.

---

## ગાંધીધામ-શેરી ફેરિયાયા લોક મેળો:

ગાંધીધામ મહાનગર પાલિકા વિસ્તારમાં શેરી ફેરિયાઓને પીએમ સ્વનિધિ યોજના તળે ધંધાના વિસ્તાર માટે લોન મળી રહે તે હેતુથી કમિશ્નરે બેંકોના મેનેજરો સાથે ચર્ચાઓ કરીને તારીખ 23 અને 24 સપ્ટેમ્બર સુધી લોક કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે.

---